


# પુણેમાં ગેરકાયદે વસતા બાંગ્લાદેશીઓ સામે ઝુંબેશ

પુણેઃ પુણે પોલીસે શહેરમાં ગેરકાયદે રીતે રહેતા બાંગ્લાદેશીઓ સહિત વિદેશી નાગરિકો સામે વિશેષ અભિયાન શરૂ કર્યું છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

છેલ્લા ૨૦ વર્ષથી શહેરમાં ગેરકાયદે રીતે રહેતા અને કપડાનો વ્યવસાય ચલાવવા બદલ ૩૬ વર્ષીય બાંગ્લાદેશી નાગરિકની ધરપકડ કરવામાં આવ્યાના એક સપ્તાહ બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

પોલીસ કમિશનર અમિતેશ કુમારે જણાવ્યું હતું કે, ‘‘૨૦૨૪ માં ૪૩ ગેરકાયદે ઇમિગ્રન્ટ્સનો દેશનિકાલ કરવામાં આવ્યો હતો. એક ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે અને પોલીસ સ્ટેશનોને ગેરકાયદે રીતે રહેતા ઇમિગ્રન્ટ્સની ઓળખ કરવા અને તેમને દેશનિકાલ કરવા માટે કહેવામાં આવ્યું છે.‘‘

મુંબઈમાં બોલિવૂડ અભિનેતા સૈફ અલી ખાનના ઘરમાં ઘૂસીને ચોરીના પ્રયાસ દરમિયાન વારંવાર છરા મારનાર ૩૦ વર્ષીય આરોપીની ધરપકડ બાદ ગેરકાયદે બાંગ્લાદેશીઓ તાજેતરમાં ચર્ચામાં આવ્યા હતા.

કુમારે જણાવ્યું હતું કે ગેરકાયદે વસાહતીઓ માટે આધાર કાર્ડ સહિતના બનાવટી દસ્તાવેજો તૈયાર કરનારાઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

પ્રોસ્ટેટ ગ્રંથિ, કિડનીમાં પથરી
સ્ત્રી-પુરુષનાં મૂત્રવિકાર
Urethral Stricture
ઑપરેશન વગર ઉપચાર
• પ્રોસ્ટેટ ગ્રંથિ
• સ્ત્રીઓના મૂત્રવિકાર
• ખાંસી કે છીંકતી વેળા અજાણતા પેશાબ થવો
• વારંવાર પેશાબ થવો
• કિડનીમાં પથરી
• મુત્રમાર્ગમાં વારંવાર ઈન્ફેકશન
• Urethral Stricture
વિશેષતાઃ ઑપરેશન, કાપકૂપ, એડમીટ થવાની મૂંઝવણમાં પડવાની જરૂર નથી.
૨૦ વર્ષનો અનુભવ
ડૉ. સુનીલ પાટીલ કહાલેકર
કહાલેકર યુરોલોજી સેંટર
(આયુર્વેદિક મૂત્રવિકાર ઉપચાર કેંદ્ર)
મુંબઈ, પૂના, ઔરંગાબાદ, નાંદેડ
મુંબઈ વિઝીટઃ રવિવાર, ૨૬ જાન્યુઆરી ૨૦૨૫
મહિનાનો દર બીજો અને ચોથો રવિવાર
પૂના વિઝીટ : સોમવાર, ૨૭ જાન્યુઆરી ૨૦૨૫
(સમયઃ સવારે ૯.૦૦થી બપોરે ૪.૦૦)
સ્થળઃ પાલકર પૉલિક્લિનિક, રાનડે રોડ, દાદર (પ)
95031 16222
94221 88788
www.readycureayurveda.com

# ભારતમાં ૧૭ વર્ષ ગેરકાયદે વસવાટ કરનારા અફઘાનીને ૧૧ મહિનાની જેલની સજા

મુંબઈઃ ૨૦૦૭થી ભારતમાં ગેરકાયદે રીતે વસવાટ કરનારા અફઘાનિસ્તાનના નાગરિકને કોર્ટે ૧૧ મહિનાની જેલની સજા સંભળાવી હતી. હબીબુલા પ્રાંગ (૩૮)ને ભારતીય દંડ સંહિતાની પાસપોર્ટ એક્ટ એન્ડ ફોરેનર્સ એક્ટ હેઠળ વધારાના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (એસ્પ્લેનેડ કોર્ટ) કે. એસ. ઝાનવારે બુધવારે દોષી ઠેરવ્યો હતો. આ કેસનો આદેશ હજી સુધી પ્રાપ્ત થયો નથી.

કોર્ટે ફરિયાદી પક્ષને જો આરોપી અન્ય કોઇ કેસમાં જરૂરી ન હોય તો ૧૧ મહિનાની સજા ભોગવ્યા બાદ તેની સામે દેશનિકાલની કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો. પ્રાંગની ગયા વર્ષે ૨૨મી ફેબ્રુઆરીના રોજ ધરપકડ કરવામાં આવી હતી અને તેણે જેલમાં વિતાવેલ સમય પૂરો થાય છે. પ્રાંગ મૂળ અફઘાનિસ્તાનના પાકિતાનો રહેવાસી છે અને મુંબઈ ક્રાઈમ બ્રાંચે ૨૦૦૭થી વડાલામાં ગેરકાયદે રહેતો હોવાનું જાણવા મળ્યા બાદ તેની ધરપકડ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર તેણે પોતાની પાસે ઝહીર અલી ખાનના નામના પેન કાર્ડ અને ડ્રાઈવિંગ લાઈસન્સ પણ મેળવ્યાં હતાં.(પીટીઆઈ)

# મ્હાડાએ રિડેવલપમેન્ટના રખડેલા પાંચ પ્રોજેક્ટને તાબામાં લીધા

મુંબઈઃ મુંબઈ શહેરની જૂની જર્જરિત થયેલી સેસ બિલ્ડિંગનો પુનર્વિકાસ આઠ-દસ વર્ષથી રખડાવનારા ડેવલપરોને મ્હાડાએ નિશાન પર લીધા છે. મ્હાડાએ એનઓસી આપ્યું હોવા છતાં પ્રોજેક્ટ પૂરો ન કરનારા ડેવલપરો પાસેથી મુંબઈ બિલ્ડિંગ રિપેર એન્ડ રિકન્સ્ટ્રક્શન બોર્ડે મ્હાડાના કાયદામાં નવી કલમ ૧૧-અ અનુસાર પાંચ પુનર્વિકાસ પ્રોજેક્ટને કાઢી નાખ્યા છે. મ્હાડા હવે પોતે ડેવલપરની નિમણૂક કરીને કામ પૂરું કરવાનું હોવાથી ભાડા પર રહેતા અને રહેવાસીઓને રાહત મળશે. સેસ બિલ્ડિંગ જોખમી થયા બાદ તેનો પુનર્વિકાસ કરવા માટે સંબંધિત બિલ્ડિંગ માલિકને મ્હાડાએ નોટિસ આવ્યા બાદ છ મહિનામાં પુનર્વિકાસ પ્રસ્તાવ રજૂ કરવું ફરજિયાત છે. તે અનુસાર મ્હાડાએ પુનર્વિકાસ માટે એનઓસી આપ્યા બાદ માલિક તરફથી ડેવલપર નક્કી કરવામાં આવતો હોય છે. જોકે અનેક ડેવલપરોએ આર્થિક મુશ્કેલીમાં હોવાનું કારણ આપ્યું હોવાથી પ્રોજેક્ટ રખડી ગયા છે. તેની ગંભીર નોંધ મ્હાડાની બિલ્ડિંગ રિપેર એન્ડ રિકન્સ્ટ્રક્શન બોર્ડે પાંચ ડેવલપર પાસેથી પ્રોજેક્ટને પોતાના તાબામાં લઇ લીધા છે. ■

# બેસ્ટ માત્ર પોતાની માલિકીની જ બસ દોડાવે એવી માગણી

મુંબઈઃ વેટ-લીઝ ઓપરેટરો દ્વારા ઉપયોગમાં લેવાતા ડ્રાઈવરોએ બેસ્ટ અંડરટેકિંગ સાથે કોઈ કરાર ન કર્યો હોવાથી તેઓ ગેરકાયદે રીતે બસ ચલાવી રહ્યા હોવાનો દાવો બેસ્ટ યુનિયનોએ કર્યો છે. મુંબઈ મહાનગરપાલિકાના એડિશનલ મ્યુનિસિપલ કમિશનર (શહેર) અશ્વિની જોશીની આગેવાની હેઠળના બેસ્ટ વહીવટીતંત્ર સાથે મુલાકાત કરી હતી. ’બેસ્ટ’ સાથે કોઈ પણ કરાર નહીં કરનાર સબ-લીઝ ડ્રાઇવરોને કયા આધારે વેટ-લીઝ ઓપરેટરોએ જવાબદારી સોંપી છે એવો સવાલ આ બેઠકમાં યુનિયનોએ ઉઠાવ્યો હતો.

યુનિયનોએ ૯ ડિસેમ્બરે બેસ્ટની બસના કુર્લા અકસ્માત બાદ વેટ-લીઝ બસ ઓપરેટરો અને તેમના સ્ટાફની કામગીરી તેમજ વેટ-લીઝ બસોની નબળી જાળવણી પદ્ધતિઓને લગતા મુદ્દાઓ પણ ઉઠાવ્યા હતા. બેસ્ટના પુરવઠા વિભાગમાં ખાલી જગ્યાઓ કેમ નથી ભરવામાં આવતી એ મુદ્દો પણ ઉઠાવ્યો હતો.

બેસ્ટ વર્કર્સ યુનિયને પણ વેટ-લીઝ બસની કામગીરી સંપૂર્ણપણે બંધ કરવાની માગણી કરી છે. કામગર સેનાએ ૨૨ જાન્યુઆરીએ બેસ્ટ પ્રશાસનને સુપરત કરેલા પત્રમાં જણાવ્યું હતું કે વેટ-લીઝ બસની કામગીરી તાત્કાલિક બંધ કરી દેવી જોઈએ. ’બેસ્ટ’ની માલિકીની બસ વધારવી જોઈએ. ■

# નવા ‘શક્તિપીઠ એક્સપ્રેસવે’ દ્વારા નાગપુરથી ગોવા માત્ર ૮-૧૦ કલાકમાં

નાગપુરઃ હવે મહારાષ્ટ્રના નાગપુરથી ગોવા રોડમાર્ગે જવું સરળ બનશે. નાગપુર અને ગોવાને જોડતો ૮૦૨ કિલોમીટર લાંબો નવો એક્સપ્રેસવે ટૂંક સમયમાં શરૂ રવામાં આવશે. જેને નાગપુર-ગોવા શક્તિપીઠ એક્સપ્રેસવે નામ આપવામાં આવ્યું છે. આ એક્સપ્રેસવે છ લેનનો છે. જેનું નિર્માણ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ એક્સપ્રેસવેથી મુસાફરીની ઝડપ વધશે જેથી સમયની પણ બચત થશે. પહેલા નાગપુરથી ગોવા પહોંચવામાં ૧૮થી ૨૦ કલાકનો સમય લાગતો હતો તે એક્સપ્રેસવે ને કારણે માત્ર ૮થી ૧૦ કલાક થઇ જશે. આનાથી મહારાષ્ટ્રમાં પ્રવાસનને પણ વેગ મળશે.

આ પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ ૮૬,૦૦૦ કરોડ રૂપિયા છે. આ એક્સપ્રેસવે મહારાષ્ટ્રના ૧૨ જિલ્લાઓ જિલ્લામાંથી પસાર થશે જેમાં વર્ધા, યવતમાલ, હિંગોલી, નાંદેડ, પરભણી અને સિંધુદુર્ગનો સમાવેશ થાય છે. તેથી આ જિલ્લાઓના વિકાસ માટે પણ ઉપયોગી થશે. નાગપુર-ગોવા શક્તિપીઠ એક્સપ્રેસ વે વર્ધા જિલ્લાના પવનારથી શરૂ થશે અને મહારાષ્ટ્ર-ગોવા સરહદ નજીક પાત્રાદેવી પર પૂરો થશે.

## એક્સપ્રેસવેમાં ધાર્મિક સ્થળોનો સમાવેશ

શક્તિપીઠ એક્સપ્રેસવેની સૌથી ખાસ વાત એ છે કે તે મુખ્ય તીર્થસ્થળોને પણ જોડશે. વર્ધાથી સિંધુદુર્ગ સુધી વિસ્તરેલો આ એક્સપ્રેસ વે તીર્થયાત્રીઓને સુવિધા આપશે. એક્સપ્રેસવેમાં ત્રણ ધાર્મિક સ્થળો આવશે, સોલાપુર પાસે તુળજાપુર, કોલ્હાપુરમાં મહાલક્ષ્મી અને પાત્રા દેવી. આ તિર્થસ્થાનોના ધાર્મિક અને આર્થિક વિકાસને નોંધપાત્ર વેગ મળશે. ■

**કૈવલ્યધામ**

એક બિનસાંપ્રદાયિક સાધના તથા વૈયાવચ્ચ કેન્દ્રનું ભૂમિપૂજન ૨૩/૧/૨૫ના વિજય મુહૂર્તમાં કલમગામમાં, જે મુંબઈથી ૧૮૦ કિ.મી., મુંબઈ-નાશિક હાઈ-વે પર, અરહમ ઉપાસક પ. પૂ. બા. બ્ર. આગમમુનિ મ. સા. ઠાણા ૩ ના નેજા હેઠળ શ્રી. મહેન્દ્ર રામજી સાંગોઈ તથા શ્રીમતી હિરલબેન વિનોદભાઈ ગર્ગ અને અન્ય ટ્રસ્ટીગણના હસ્તે કરવામાં આવ્યું હતું.

**કૈવલ્યધામમાંઃ** (૧) સાધના કેન્દ્ર - સાધના કુટિરો (૨) આરોગ્ય કેન્દ્ર (૩) સાધુ-સાધ્વી વૈયાવચ્ચ કેન્દ્ર - આરાધના કેન્દ્ર (૪) લાયબ્રેરી (૫) અતિથિ ભવન - વડીલ વંદના - ભોજનશાળા (૬) મ્યુઝિયમ (૭) નવકાર - ભક્તામર આદિ સાધના મંદિરો (૮) બાલવાટિકા - ગાર્ડન આદિનું નિર્માણ કરવામાં આવશે.

ગુરુદેવનું લક્ષ્ય વડીલ, સાધુ-સાધ્વીની વૈયાવચ્ચ, અન્ય સાધુ-સાધ્વીઓની આત્મસાધના અને બાળકો તથા યુવાનોને જૈન ધર્મની ઓળખ અને સમજણ આપી તેમને જૈન શાસનમાં જોડવાની છે. વધુ વિગત માટે સંપર્ક :

સીએ. હિતેશ ગડા :
9820023643
સીએ . સંજય દોશી :
9820488786.

# થાણેમાં હિટ એન્ડ રન કેસમાં સામાજિક કાર્યકરનું મોત

થાણેઃ થાણેમાં ગુરુવારે એક હિટ એન્ડ રન કેસમાં સામાજિક કાર્યકર પુષ્પા આગાશેનો જીવ ગયો હતો. ૭૩ વર્ષીય આગાશે મોર્નિંગ વોક પરથી પરત ફરી રહ્યાં હતાં ત્યારે એક વાહને તેમને ટક્કર મારી હતી, એમ પોલીસે જણાવ્યું. તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા અને ત્યાં પહોંચવા સાથે જ તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. એક અધિકારીએ જણાવ્યું હતું કે, પોલીસ વિસ્તારમાં લાગેલા સીસીટીવી ફૂટેજના આધારે વાહન શોધી રહી છે. ■




# જળગાંવ ટ્રેન દુર્ઘટનામાં સાત નેપાળીનાં મોત, મરણાંક ૧૩

મુંબઈઃ જળગાંવ ટ્રેન અકસ્માતમાં મૃત્યુ પામેલી નેપાળી વ્યક્તિના પરિવારના દુઃખની કોઈ સીમા ન હતી કારણ કે આપ્તજનને ગુમાવ્યાનું દુઃખ તો હતું જ, પરંતુ શરીરના વિકૃત અંગો જોઈ તેની ઓળખ કરવાની હતી. આ પરિસ્થિતિને કારણે તેઓ આઘાતમાં મુકાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં મરણાંક ૧૩ પર પહોંચ્યો છે અને આમાંથી આઠ મૃતદેહની ઓળખ થઇ છે. મહારાષ્ટ્રના જળગાંવ જિલ્લામાં બુધવારે સાંજે મુંબઈ જઈ રહેલી પુષ્પક એક્સપ્રેસમાં ચેઈન પુલિંગને કારણે નીચે ઉતરેલા કેટલાક મુસાફરો બાજુના પાટા પર આવતી કર્ણાટક એક્સપ્રેસ હેઠળ કચડાઈ મૃત્યુ પામ્યા હતા. મૃતકોમાં લચ્છીરામ ખાટરુ પાસી સહિત નેપાળની સાત વ્યક્તિનો સમાવેશ હતો. કુલ નવ જણે જીવ ગુમાવ્યો હતો. આ દુર્ઘટનામાં બચી ગયેલા પાસીના સાથીઓએ જાતને ઉગારવા પોતે કઈ રીતે બે ટ્રેન વચ્ચે સાંકડી જગ્યામાં ઉચક જીવે સંકોચાઈને બેઠા રહ્યા એનું દર્દનાક વર્ણન કર્યું હતું. અધિકારીઓએ ગુરુવારે આપેલી જાણકારી અનુસાર બુધવારે જળગાંવ ટ્રેન અકસ્માતમાં માર્યા ગયેલા ૧૩ લોકોમાંથી સાતની ઓળખ નેપાળના રહેવાસી તરીકે થઈ છે. મૃત્યુ પામેલી ચાર નેપાળી વ્યક્તિમાં એક સગીર છોકરો અને બે મહિલાઓનો સમાવેશ થાય છે. જળગાંવના રહેવાસી લચ્છીરામ પાસીના ભત્રીજા રામરંગ પાસીએ જણાવ્યું હતું કે ચહેરા અને કપડાં દ્વારા તેના કાકાને ઓળખી કાઢ્યા, પરંતુ (વિકૃત અવશેષોનું) ભયાનક દૃશ્ય જોઈ થથરી ગયા હતા. (પીટીઆઈ) ■

# ટ્રેક પર માતાને શોધતો પુત્ર...

જળગાંવઃ જળગાંવના પચોરા પાસે પુષ્પક એક્સપ્રેસ ટ્રેનમાં આગ લાગવાની અફવા ફેલાઈ જતાં અનેક લોકો ચાલતી ટ્રેનમાંથી કૂદી પડ્યા હતા અને સામેથી આવતી બીજી ટ્રેન નીચે કચડાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં ૧૩ લોકોનાં મોત થયા છે. નેપાળી મહિલા કમલા ભંડારી પણ આ જ ટ્રેનમાં મુસાફરી કરી રહી હતી. તેમનું પણ આ અકસ્માતમાં મૃત્યુ થયું છે. તેમના મૃત્યુના સમાચાર મળતા જ તેમનો પુત્ર તપેન્દ્ર ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ત્યારે ઘટના સ્થળ પર કરુણ દૃશ્ય સર્જાયું હતું, હાજર દરેકના આંખમાં આંસુ હતા. તપેન્દ્રએ તેની માતા કમલા ભંડારી અને પત્ની રાધા ભંડારીને લખનૌ સ્ટેશનથી પુષ્પક એક્સપ્રેસમાં બેસાડ્યા હતા. માતાને ટ્રેનમાં બેસાડતા પહેલા તપેન્દ્રએ રેલવે સ્ટેશન પર તેમનો ફોટો લીધો હતો. ત્યારે તપેન્દ્ર ભંડારીને ખ્યાલ નહોતો કે આ તસવીર તેની માતાની છેલ્લી તસવીર હશે.

માતાના મૃતદેહને જોયા બાદ તપેન્દ્રને વિશ્વાસ ન થયો કે તે મૃત છે, પરંતુ જ્યારે તેની માતાના કપડાં અકસ્માત સ્થળે જોયા ત્યારે તેની અને તેના પરિવારની વ્યથા તેની આંખોમાંથી નદીની જેમ વહી ગઈ. દુઃખી તપેન્દ્ર જ્યાં તેની માતાના કપડા મળી આવ્યા હતા અને જ્યાં તેમના લોહીના નિશાન જોવા મળ્યા હતા ત્યાં પડેલા પથ્થરો એકઠા કરવા લાગ્યો. સ્થળ પર હાજર પોલીસ કર્મચારીઓ અને અન્ય લોકો તેમને સાંત્વના આપવાનો પ્રયાસ કરતા રહ્યા. ■

# વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેની સમસ્યાઓના નિવેડા માટે આઈઆઈટીની સહાય લેવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી પાસેથી હસ્તગત કરવામાં આવેલા વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેની વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે જુદી જુદી ઉપાયયોજના અમલમાં મૂકવા માટે આઈઆઈટી મુંબઈની મદદ લેવાનો નિર્દેશ મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર ભૂષણ ગગરાણીએ અધિકારીઓને આપ્યો છે.

મુંબઈના તમામ રસ્તાઓનું સિમેન્ટ-કૉંક્રીટાઈઝેશન કરવાનો પ્રોજેક્ટ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવ્યો છે અને આ રસ્તાની ગુણવત્તા જળવાઈ રહે તે માટે પવઈ- આઈઆઈટીની મદદ લેવામાં આવવાની છે, તેને પગલે હવે પશ્ચિમ ઉપનગરને દક્ષિણ મુંબઈ સાથે જોડનારા મહત્ત્વના ગણાતા વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે માટે પણ આઈઆઈટીની મદદ લેવામાં આવવાની છે.

ગુરુવારે પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીએ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેનું નિરીક્ષણ કર્યું હતું, એ દરમિયાન તેમણે કહ્યું હતું કે બાન્દ્રાથી દહિસર સુધીનો પચીસ કિલોમીટર લંબાઈનો હાઈ-વે મુંબઈ મહાનગરપાલિકાના નવ વોર્ડની હદમાંથી પસાર થાય છે. આ હાઈવે પર અમુક ફ્લાયઓવર મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશનના અખત્યાર હેઠળ આવે છે. મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા વેસ્ટર્ન તથા ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેનું હસ્તાતંરણ મુંબઈ મહાનગરપાલિકાને કરવામાં આવ્યું છે. તેથી આ બંને હાઈવેની જાળવણી કરવાનું કામ પાલિકાના માથા પર છે. દરેક વોર્ડની હદમાં આવેલા ફૂટપાથ, રસ્તા, ડીવાઈડરની રચના જુદા જુદા સ્વરૂપની છે. તેમાં એકસમાનતા હોઈ જોઈએ. તે માટે રોડ ડિપાર્ટમેન્ટ દ્વારા પોલીસ તૈયાર કરવી જોઈએ અને તેને વોર્ડ સ્તરે અમલમાં મૂકવાની સૂચના પણ તેમણે આપી હતી. ■

કચ્છી ભાટિયા



જન્મ: ૧૭.૧૧.૧૯૪૨ અવસાન: ૨૨.૦૧.૨૦૨૫

**અ. સૌ. મંજુલા કાલિદાસ લીલાણી (ઉ. વ. ૮૨)**

તે શ્રી. કાલિદાસ ચત્રભુજ લીલાણીના ધર્મપત્ની,
રાજેશ, હેમંત તથા દિલીપ ના માતા.
અ. સૌ નીલા, અ. સૌ. કલ્પના તથા અ. સૌ નેહા ના સાસુ.
સ્વ. મોતીબાઈ હરિદાસ સંપટ ના સુપુત્રી.
શ્રી. કીર્તિકુમાર, શ્રી. હંસરાજ, સ્વ. સુશીલા, અ. સૌ. નીરંજના, સુધા તથા રેખા ના ભાભી.
તે શ્રી. રણધીર, સ્વ. પીલુબેન, સ્વ. રજનીબેન, સ્વ. સ્નેહલતા, સ્વ. જ્યોતિ, અ. સૌ. દર્શના તથા છાયા ના બહેન.
અ. સૌ. કુંજલ મિહિર આશર, અ. સૌ. પૂનમ લવેશ ભાવનાની, અ. સૌ મ્રિનાલ ભાવિક લાયજાવાલા, રોહન, ભાવિક તથા હેતાના દાદી તારીખ ૨૨.૧.૨૦૨૫ ના રોજ શ્રીજી ચરણ પામ્યા છે.

**તેમની પ્રાર્થના સભા શુક્રવાર તારીખ : ૨૪.૦૧.૨૦૨૫**
ના રોજ સાંજે ૪.૩૦ થી ૬,
શ્રી સ્વામિનારાયણ મંદિર (BAPS), 90 ફુટ રોડ, ઘાટકોપર પૂ, મુંબઈ.
પ્રાર્થના સભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.








# બ્રાઈટ આઉટડોર મીડિયા લિમિટેડના 'બ્રાઈટ' ફ્યૂચર

# અનુગ્રહ યોગેશ લાખાણીને

# જન્મદિવસના ખૂબ ખૂબ અભિનંદન!











## આજે ૨૪ જાન્યુઆરીના શુભ દિને અનુગ્રહ દસમી વર્ષગાંઠ ઉજવશે ત્યારે તેને જીવનમાં દસે દિશાએથી સફળતા મળે તેવી શુભેચ્છાઓ

ડો. યોગેશ લાખાણી (ફાઉન્ડર ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરઃ બ્રાઈટ આઉટડોર મીડિયા લિમિટેડ)ના લગ્ન બાદ ખૂબ રાહ જોવડાવીને આખરે ઈશ્વરનો અનુગ્રહ થયો. અનુગ્રહ એટલે કૃપા ખરેખર ઘણા વર્ષે કૃપા થઈ એટલે કંપનીના બ્રાઈટ ફ્યૂચર એવા પુત્રરત્નનો જન્મ થયો. ઈશ્વરની કૃપા સમજીને તેનું નામ અનુગ્રહ રાખ્યું. આજે અનુગ્રહને દસમાં બર્થ-ડેની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. અનુગ્રહને પરિવારમાં માતાપિતા ઉપરાંત દાદા દાદીનો પણ ખૂબ પ્રેમ મળ્યો છે. પપ્પા (યોગેશ ભાઈ) નો લાડકવાયો પણ એટલો જ. રાત્રે દસ વાગે અને યોગેશ ભાઈ ઘરે ન આવ્યા હોય તો તરત જ મોબાઈલ લઈને ફોન કરે, 'પપ્પા કેટલે પહોંચ્યા? જલદી ઘરે આવી જાવ.'

અનુગ્રહના પ્રથમ જન્મ દિવસે ફિલ્મી કલાકારો શાહરૂખ ખાન, રિતિક રોશન , રણબીર કપૂર, રણવીર સિંહ સહિત અનેક ફિલ્મી કલાકારો પણ હાજર રહ્યા હતા. ક્યારે પણ કોઈ મીડિયા વાળા પૂછે તો અનુગ્રહના મોઢામાંથી પ્રથમ વાક્ય એ જ નીકળે કે 'ઈસ્ટ યા વેસ્ટ, માય પાપા ઈઝ ધ બેસ્ટ' અનુગ્રહ યોગેશભાઇ સાથે પહેલી વાર ''બ્રાઈટ આઉટડોર મીડિયા લિમિટેડ'' ની ઓફિસે પહોંચ્યા ત્યારે યોગેશ ભાઈને મળેલા અસંખ્ય એવોર્ડ્સ અને ટ્રોફી જોઈને આનંદથી નાચી ઉઠ્યો હતો. 'પપ્પા, ઘરની જેમ ઓફિસ પણ એવોર્ડ્સથી ભરાઈ ગઈ છે. હવે જગ્યા નથી.' એમ બોલી ઉઠ્યો હતો.રૂસ્તમજી સ્કુલમાં ઇંગ્લિશ મીડીયમમાં ભણી રહેલો અનુગ્રહ મન દઈને અભ્યાસ કરી રહ્યો છે. દરેક વિષયમાં ૮૦થી ૯૦ ટકા માર્કસ આવે છે. પપ્પા યોગેશ લાખાણીની જેમ જ એનર્જેટિક છે. સ્વિમિંગ શીખે છે. ચેસ અને ક્રિકેટ જેવી રમતોમાં ભાગ લે છે. ડાન્સમાં પણ ખૂબ રસ છે.

આજનો જન્મ દિવસ એ માતા પિતા ઉપરાંત સ્કુલ ફ્રેન્ડસ સાથે મનાવશે.

### બાપ તેવા બેટા

પરિવાર પ્રેમી અનુગ્રહને પોતાના પિતા યોગેશભાઈની જેમ સમાજ સેવા કરવામાં ખૂબ જ આનંદ મળે છે. તે અવાર નવાર ગરીબોને ભોજન કરાવવા યોગેશભાઈ સાથે જાય છે. જન્મ દિવસે નો ખાસ જાય જ. આ ઉપરાંત અનાથાશ્રમ, વૃધ્ધાશ્રમ તેમ જ હોસ્પિટલોમાં પિતા સાથે મુલાકાત લઈ જરૂરતમંદોને મદદ કરવા તત્પર રહે છે. વાર-તહેવારે યોગેશભાઈ સાથે ભિવંડીના સાત ગામોમા અને બોરીવલીમાં ગરીબો ને તેના હાથે ભોજનના પેકેટ આપતા એને ખુબ ખુશી થાય છે. સમાજ સેવા કરવાના ગુણ જાણે એને માબાપ તરફથી વારસામાં જ મળ્યા છે. પિતાની જેમ એને પણ પ્રવાસનો ખૂબ શોખ છે. નાની ઉંમરમાં જ માતાપિતા સાથે માલદીવ, શ્રીલંકા, સ્પેન (બાર્સેલોના), ઈટલી, દુબઈ લંડન જેવા સ્થળોએ ફરી આવ્યો છે. કાર્ટૂન ફિલ્મ્સ અને 'તારક મહેતા કા ઉલટા ચશ્મા' શ્રેણી ખૂબ જ ગમે છે.









**Best wishes to ANUGRAH YOGESH LAKHANI On His Tenth Birthday**

From: Bright outdoor media Ltd. Mob: N0.98193 71103 For any Querries





## અમેરિકાના ૪૭મા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સોગંદવિધિમાં યોગેશ લાખાણી ઉપસ્થિત રહ્યા

તાજેતરમાં જ 'ટ્રમ્પ એન્ડ વેન્સ ઇનોગ્યુલર કમિટિ' તરફથી ડો. યોગેશ લાખાણીને અમેરિકામાં નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સોગંદવિધિમાં હાજર રહેવાનું આમંત્રણ અને સૌભાગ્ય પ્રાપ્ત થયું એ બદલ અનુગ્રહ તેના પિતા યોગેશ લાખાણી માટે ખૂબ ગર્વ અને આનંદ અનુભવે છે. યોગેશભાઈ પણ પરિવાર પ્રેમી છે. ૨૦ જાન્યુઆરીએ પ્રેસિડેન્ટ ટ્રમ્પની સોગંદ વિધિમાં હાજર રહેવા યુ.એસ. જવાનું હતું. ૧૯ જાન્યુઆરીની પાર્ટી માટે પણ આમંત્રણ હતું. પરંતુ ૧૬ જાન્યુઆરીના રોજ પત્ની જાગૃતિ લાખાણીનો જન્મ દિવસ હોઈ ૧૭મીએ યુ.એસની ફલાઈટ પકડી અને ૨૪ જાન્યુઆરીએ અનુગ્રહનો જન્મ દિવસ હોવાથી અમેરિકાનો પ્રવાસ ટૂંકાવી એ આજે ભારત પાછા આવશે અને પિતા-પુત્ર સાથે જન્મદિવસ ઉજવશે.



















